1 ઓછા સમયે અને ઝડપી ભરતીનું કાર્ય પૂરું કરવા કઈ પદ્ધતિ અનુકૂળ છે ?

(A) ગેટ પર ભરતી

(B) જાહેરાત

(C) કર્મચારી એજન્સીઓ

(D) કોન્ટ્રાક્ટરો અને જોબરો

2 હપતા પદ્ધતિએ થતા વેચાણમાં ગ્રાહકને મિલકતનો માલિકી હક્ક ક્યારે મળે ?

(A) વેપારી ઇચ્છે ત્યારે

(B) અડધા હપતા ચૂકવે ત્યારે

(C) છેલ્લો હપતો ચૂકવે ત્યારે

(D) કરારમાં દાખલ થાય ત્યારે

3 નીચે આપેલ રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો :

ધૂળમાં મેળવી દેવું -

(A) જમીન દોસ્ત કરી નાખવું

(B) ધૂળ ચટાડવી

(C) ધૂળ ખાતો કરવો

(D) ધોબામાં ધૂળ પડવી

4 આપેલ આવૃત્તિ વિતરણમાં વર્ગ 4-6ની સંચયી આવૃત્તિ ______.

| વર્ગ | 0 – 2 | 2 – 4 | 4 – 6 | 6 – 8 | 8 – 10 |
|---|---|---|---|---|---|
| આવૃત્તિ | 1 | 2 | 1 | 5 | 6 |

(A) 1 (B) 2

(C) 4 (D) 9

5 He ______ Rs. 2000/- for the picture.

(A) bidden (B) bided

(C) bide (D) bid



PariksaPath · pariksapath.in

6 મકાન ભાડે રાખનાર ભાડુઆત, મકાન પેટા ભાડે આપી મેળવતા અવેજ ______ ના શીર્ષક હેઠળ કરપાત્ર થશે.

(A) પગારની આવક

(B) મૂડી નફા

(C) મકાન-મિલકતની આવક

(D) અન્ય સાધનોની આવક

7 ______ વેતન પ્રથા / યોજના મુજબ દરેક કામદારને દિવસનું નિશ્ચિત વેતન તો મળે જ છે, પછી તે પ્રમાણ કાર્ય પૂરું કરે કે ન કરે. પરંતુ કાર્યક્ષમ મજૂરને બચાવેલ સમયનું બોનસ ('ખરેખર લીધેલ સમયનું વેતન × બચાવેલ સમય) ÷ કામનો પ્રમાણ સમય' મુજબ મળે છે. આ વિધાન કોનું છે ?

(A) હેલ્સી
(B) રોવન
(C) ટેલર
(D) બીડો

8 કોલસાનું પરિપક્વ સ્વરૂપ કયું છે ?

(A) લિગ્નાઈટ
(B) બિટ્યુમિન
(C) એન્થ્રેસાઈટ
(D) પીટ

9 સંરક્ષણ નીતિની બાળ ઉદ્યોગની દલીલ મુખ્ય કયા અર્થશાસ્ત્રીએ કરી છે ?

(A) જી. હિક્સ
(B) એડમ સ્મિથ
(C) હેમીલ્ટન
(D) ફ્રેડરિક લિસ્ટ

10 નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિરોધી શબ્દ લખો.

(A) મિત્ર × સખા
(B) સુખ × દુઃખ
(C) માતા × જનની
(D) વાંક × ગુનો



PariksaPath · pariksapath.in

11 જેમણે વૈજ્ઞાનિક સંચાલનનો નવો દ્રષ્ટિકોણ રજૂ કર્યો.....

(A) હેનરી ફેયોલ

(B) ફેડરીક ટેલર

(C) લ્યુથર ગ્યુલિક

(D) પીટર ડ્રકર

12 ચાલુ ધંધાની ખરીદીમાં, ખરીદાતી ચોખ્ખી મિલકતો કરતાં ખરીદીનો અવેજ અધિક હોય ત્યારે તેના તફાવતને ______ કહેવાય.

(A) મૂડી નફો

(B) પાઘડી

(C) સામાન્ય અનામત

(D) જોગવાઈ

13 બે આંકડાની એક સંખ્યાના દશકનો અંક એકમના અંકથી અડધો છે. જો અંકોની અદલાબદલી કરવામાં આવે, તો મળતી નવી સંખ્યા મૂળ સંખ્યા કરતાં 36 જેટલી મોટી થાય છે, તો મૂળ સંખ્યા શોધો.

(A) 48

(B) 36

(C) 84

(D) 24

14 વર્ગીકૃત માહિતીનો મધ્યસ્થ M = .........

(A) $M = l + \left(\frac{n-cf}{f}\right) \times C$

(B) $M = l + \left(\frac{n/2-cf}{f}\right)$

(C) $M = l + \left(\frac{n/2-cf}{f}\right) \times C$

(D) $\left(\frac{n+1}{2}\right)$નો પ્રાપ્તાંક

15 નીચેના પૈકી કયો તટસ્થ ઓક્સાઈડ નથી ?

(A) CO

(B) $N_2O$

(C) $H_2O$

(D) $SO_2$



PariksaPath · pariksapath.in

16 POSDCORB સૂત્ર કયા સંચાલન નિષ્ણાતે રજૂ કર્યું ?

(A) હેનરી ફેયોલ

(B) લ્યુથર ગ્યુલિક અને લ્યેનડેલ ઉર્વિક

(C) ડો. જી. આર. ટેરી

(D) લુઈ એલન

17 નાણાકીય વર્ષ 2016-17થી વ્યવસાયની વાર્ષિક આવક (રીસીપ્ટ) રૂ. ______ થી વધે ત્યારે ટેક્ષ ઓડિટ કરાવવું જરૂરી છે અને ઓડિટ ફી ______ ખાતે ઉધારે થાય.

(A) 10 લાખ, નફા-નુકસાન

(B) 1 કરોડ, વેપાર

(C) 50 લાખ, નફા-નુકસાન

(D) 1 કરોડ, નફા-નુકસાન

18 પદો અને ગરબીઓથી લોકપ્રિય બનેલાં કવિશ્રી દયારામ ક્યાંના વતની હતા ?

(A) ચાણોદ

(B) મેવાડ

(C) વડોદરા

(D) રાજકોટ

19 નીચેનામાંથી કઈ રીત સૂચકઆંકની ગણતરીની રીત નથી ?

(A) લાસ્પેયરની રીત

(B) પાશેની રીત

(C) માર્શલ એજવર્થની રીત

(D) વૂડ વર્ડઝની રીત

20 Jit, and not you, ______ won the prize.

(A) are

(B) will

(C) have

(D) has



www.marugujarat.in
PariksaPath · pariksapath.in

21 કંપનીની મૂડી ઘટાડાની યોજના વખતે લેણદારો પોતાનું કેટલુંક લેણું જતું કરે ત્યારે, તેમણે જતી કરેલ રકમથી ______ ખાતું ઉધાર અને ______ ખાતું જમા થાય.

(A) લેણદારોનું, નફા-નુકસાન

(B) નફા-નુકસાન, લેણદારોનું

(C) લેણદારોનું, સામાન્ય અનામત

(D) લેણદારોનું, મૂડી ઘટાડા

22 પ્રો. પીગુ કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રના ખ્યાલમાં તુષ્ટિગુણના ક્યા ખ્યાલને સ્વીકારે છે ?

(A) ગુણવાચક તુષ્ટિગુણ

(B) સ્થળવાચક તુષ્ટિગુણ

(C) સંખ્યાવાચક તુષ્ટિગુણ

(D) સમયવાચક તુષ્ટિગુણ

23 ગુજરાત રાજ્યના નાણાંપ્રધાન શ્રી નીતિનભાઈ પટેલ દ્વારા તાજેતરમાં વિધાનસભામાં રજૂ કરવામાં આવેલ બજેટ 2017-18 અન્વયે સ્ટેજ કેરેજ બસો ઉપરના હયાત વેરાની યોજનાના સ્થાને આ વાહનોની વેચાણ કિંમતના કેટલા ટકા વેરો રાખવાની દરખાસ્ત કરવામાં આવેલ છે ?

(A) 2.25%

(B) 2.75%

(C) 3.15%

(D) 2%

24 આયોજન મુજબ એકમનાં બધાં કાર્યો થાય છે કે નહીં તે સંચાલકે જોવાનું રહે છે. આ કાર્ય એટલે...

(A) હેતુ નિર્ધારણ

(B) વ્યવસ્થાતંત્ર

(C) કર્મચારી વ્યવસ્થા

(D) અંકુશ

25 અલંકારના મુખ્ય પ્રકાર ______ છે.

(A) બે

(B) ચાર

(C) છ

(D) એક જ



PariksaPath · pariksapath.in

26 (કરબાદનો ચોખ્ખો નફો - પ્રેફરન્સ ડિવિડન્ડ) ÷ ઈક્વિટી શેરની સંખ્યા =

(A) ચોપડા કિંમત (B) બજાર કિંમત

(C) અપેક્ષિત કિંમત (D) શેરદીઠ કમાણી

27 કાર્લ પિયર્સનનો વિષમતાનો સહગુણાંક =

(A) $\frac{\text{મધ્યક} - \text{બહુલક}}{\text{પ્રમાણિત વિચલન}}$ (B) $\frac{\text{બહુલક}}{\text{પ્રમાણિત વિચલન}}$

(C) $\frac{\text{મધ્યસ્થ} - \text{મધ્યક}}{\text{પ્રમાણિત વિચલન}}$ (D) $\frac{\text{મધ્યક} + \text{મધ્યસ્થ}}{\text{પ્રમાણિત વિચલન}}$

28 પોરબંદર ખાતેનું ગાંધીજીનું નિવાસસ્થાન કયા નામે જાણીતું છે ?

(A) મોહન મંદિર (B) કીર્તિ મંદિર

(C) મહાત્મા મંદિર (D) ગાંધી નિવાસ

29 ઓડિટ એટલે...

(A) હિસાબી ચોપડા તૈયાર કરવા

(B) હિસાબી ચોપડાની હેતુપૂર્વક ચકાસણી અને તપાસ

(C) હિસાબો માટે સંચાલકોને નિષ્ણાત સલાહ આપવી

(D) ઉપર મુજબ તમામ

30 મનુષ્યની આંખમાં વસ્તુનું પ્રતિબિંબ ક્યાં રચાય છે ?

(A) ડોળા પર (B) કીકી પર

(C) નેત્રપટલ પર (D) કનીનિકા પર

31 સત્તાવાર મૂડી પૈકી બહાર નહીં પાડેલ / નહીં મંગાવેલ મૂડી એટલે ______, જેનો કંપની જરૂરિયાતના સમયે ઉપયોગ કરી શકે.

(A) મૂડી અનામત (B) અનામત મૂડી

(C) બહાર પાડેલ મૂડી (D) ભરપાઈ થયેલી મૂડી



PariksaPath · pariksapath.in

32 રિકાર્ડોના મત મુજબ જમીનની ફળદ્રુપતા કેવી હોય ત્યારે ભાડું ઉદ્‌ભવે છે ?

(A) એકસરખી (B) જુદી જુદી

(C) ઓછી (D) વધારે

33 નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સંધિ જોડો.

નિઃ + તેજ

(A) નિઃતેજ (B) નીતેજ

(C) નિસ્તેજ (D) નિસતેજ

34 મધ્યસપાટી સંચાલનમાં સમાવેશ થાય છે...

(A) સંચાલક મંડળ (B) મુખ્ય વહીવટી અધિકારીઓ

(C) નિષ્ણાતો (D) [illegible]

35 Make exclamatory sentence of,

'They are very hard working people.'

(A) How hard working people are they !

(B) What hard working people are they !

(C) What hard working people they are !

(D) How a hard people they are !

36 સંસ્થામાં એક કર્મચારીએ કરેલું કાર્ય બીજા કર્મચારી દ્વારા તપાસાય અને કર્મચારીઓ દ્વારા થયેલ ભૂલો, છેતરપિંડી શોધી શકાય તે માટેની પદ્ધતિ એટલે...

(A) આંતરિક અંકુશ

(B) સતત ઓડિટ

(C) ખાસ કે વિશિષ્ટ ઓડિટ

(D) વચગાળાનું ઓડિટ



PariksaPath · pariksapath.in

37 12 દડા કુલ ત્રણ બોક્સમાં વહેંચાયેલા છે. પ્રથમ બોક્સમાં ત્રણ દડા હોય તેની સંભાવના કેટલી ?

(A) $\frac{12C_3 \times 2^9}{3^{12}}$ (B) $\frac{12P_3 \times 2^9}{3^{12}}$

(C) $\frac{12C_3 \times 3^{12}}{2^9}$ (D) (A) અને (B) બંને

38 કાળિયાર માટેનું રાષ્ટ્રીય પાર્ક ક્યા જિલ્લામાં આવેલ છે ?

(A) મોરબી (B) જૂનાગઢ

(C) ભાવનગર (D) દેવભૂમિ દ્વારકા

39 નીચેના પૈકી કોના માટે તેમના હિસાબો ઓડિટ કરાવવા ફરજિયાત છે ?

(A) કંપની (B) ધાર્મિક-સખાવતી ટ્રસ્ટ

(C) બેન્કિંગ કંપની (D) ઉપર મુજબ તમામ

40 કવિ નર્મદ 'અવસાન સંદેશ'' કાવ્ય દ્વારા લોકોને શાનો સંદેશ આપે છે ?

(A) પોતાના મૃત્યુ પછી સ્નેહીજનોએ શોક કરવો નહિ

(B) હિંમતથી મૃત્યુના દુ:ખને સહન કરવું

(C) શોક કરવાને બદલે પ્રભુ સ્મરણ કરવું જોઇએ

(D) ઉપર જણાવેલ તમામ

41 ધંધામાં નફો કમાવવા માટે ખરીદવામાં આવેલી પાઘડી, પેટન્ટ્સ, કોપીરાઇટ, ટ્રેડમાર્ક, ટેકનિકલ જ્ઞાન વગેરે _______ મિલકતો કહેવાય.

(A) કાયમી-દ્રશ્ય (B) કાયમી-અદ્રશ્ય

(C) ચાલુ (D) અવાસ્તવિક



PariksaPath · pariksapath.in

42 કઈ પરિસ્થિતિમાં ભાડું શૂન્ય હોય છે ?

(A) સાધનનો પુરવઠો સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ

(B) સાધનનો પુરવઠો મૂલ્ય અનપેક્ષ

(C) સાધનનો પુરવઠો મૂલ્ય સાપેક્ષ

(D) સાધનનો પુરવઠો સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ

43 કોઈ પણ વિવાદમાં વડીઅદાલતમાં બંધારણના અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે તેમાં અર્થઘટનની સત્તા ફક્ત ______ ને હોય છે.

(A) સુપ્રીમ કોર્ટ

(B) વડીઅદાલત

(C) બન્ને કોર્ટ

(D) એટર્ની જનરલ

44 આયોજન વિધિનો પ્રથમ તબક્કો એટલે...

(A) હેતુ-નિર્ધારણ

(B) વિકલ્પોનો વિચાર

(C) યોજનાનું મૂલ્યાંકન

(D) વૈકલ્પિક યોજના મેળવવી

45 કબડ્ડી વર્લ્ડ કપ-2016ની ભારતીય ટીમના કોચનું નામ જણાવો.

(A) બલવાન સિંઘ

(B) અનુપમ સિંઘ

(C) જસબીર સિંઘ

(D) હરપાલ સિંઘ

46 ______ ગુણોત્તર = ચાલુ મિલકતો ÷ ચાલુ દેવાં

(A) ચાલુ

(B) પ્રવાહી

(C) અતિ-પ્રવાહી

(D) (A), (B), (C) પૈકી એક પણ નહીં



PariksaPath · pariksapath.in

47 રિઝર્વ બેન્ક કાનૂની પ્રવાહિતા પ્રમાણ (SLR) ઘટાડે તો શું પરિણામ આવે ?

(A) બેન્કો રિઝર્વ બેન્કમાં વધુ થાપણો મૂકે

(B) બેન્કોની ઓછી રોકડ રકમ સરકારી જામીનગીરીઓમાં રોકાય

(C) રિઝર્વ બેન્ક વધુ ધિરાણ વ્યાપારી બેન્કોને આપે

(D) રિઝર્વ બેન્ક સરકારી જામીનગીરીઓમાં વધુ રોકાણ કરે

48 છંદ જણાવો.

"દીપકના બે દીકરા, કાજળ ને અજવાશ, એક કપૂત કાળું કરે, બીજો દીયે પ્રકાશ"

(A) સવૈયા (B) મનહર

(C) ચોપાઈ (D) દોહરો

49 માલ ખરીદી પરતના વ્યવહારનું વાઉચિંગ ______ના આધારે થવું જોઈએ.

(A) ખરીદ-માલ નોંધ (B) જમા-ચિઠ્ઠી

(C) માલ-પરત નોંધ (D) રોકડ-મેળ

50 You cannot use 'if' unless the sentence is proper. (Use 'if')

(A) Unless the sentence is not proper, you cannot use 'if'.

(B) If the sentence was not proper, you cannot use 'if'.

(C) If the sentence is not proper, you cannot use 'if'.

(D) If the sentence is not proper, you can use 'if'.

51 કંપનીના ઈક્વિટી શેરના ભરણામાં બાંયધરી દલાલને વધુમાં વધુ ______% દલાલી મળી શકે.

(A) 2.5 (B) 1.5

(C) 5 (D) 10



PariksaPath · pariksapath.in

52 નીચેના પૈકી કયું માપ વિશ્વસનીય માપ છે ?

(A) મધ્યક (B) વિસ્તાર

(C) બહુલક (D) મધ્યસ્થ

53 સરકારી કર્મચારીઓની ફરિયાદોના ઉકેલ માટે સ્વતંત્ર ન્યાયપંચનું માળખું ઊભું કરવાની ભલામણ સૌ પ્રથમ કોણે કરી હતી ?

(A) જે. સી. શાહ સમિતિ

(B) કાકા કાલેલકર સમિતિ

(C) દ્વિતીય પગાર પંચ

(D) કાનૂન પંચ

54 કઈ પદ્ધતિમાં તાલીમાર્થીને સૈદ્ધાંતિક શિક્ષણ તેમજ વહેવારુ તાલીમ આપવામાં આવે છે?

(A) વેસ્ટિબ્યૂલ તાલીમ (B) કાર્યસ્થળે તાલીમ

(C) ઈન્ટર્નશિપ તાલીમ (D) ઍપ્રેન્ટિસ તાલીમ

55 નીચે આપેલ વાક્યમાંથી સાદા વાક્યો છૂટા પાડો.

એમનું પાપ મને આવજો ને મારું પુણ્ય એમને જજો પણ ક્ષમા કરો.

(A) એમનું પાપ મને આવજો. મારું પુણ્ય એમને જજો. ક્ષમા કરો.

(B) મને એમનું પાપ આવજો. મારું પુણ્ય એમને જજો. ક્ષમા કરો.

(C) એમનું પાપ મને આવજો. મારું પુણ્ય એમને જજો. મને ક્ષમા કરો.

(D) મારું પુણ્ય એમને જજો. એમનું પાપ મને આવજો. ક્ષમા કરો.

56 કંપનીએ મૂડી ઘટાડાની યોજના અમલમાં મૂક્યા પછી 'મૂડી ઘટાડા ખાતે વધતી રકમ' ______ ખાતે લઈ જવાય.

(A) મૂડી અનામત

(B) નફા-નુકસાન

(C) સામાન્ય અનામત

(D) આ પૈકી કોઈ પણ નહીં



PariksaPath · pariksapath.in

57 સંકીર્ણ નાણું (Narrow Money) એટલે શું ?

(A) જે સૌથી ઓછું પ્રવાહી છે.

(B) ભારત સરકાર જે રકમ રિઝર્વ બેન્ક પાસેથી ઉછીની લે છે તે.

(C) જે સૌથી વધારે પ્રવાહી છે.

(D) જે રિઝર્વ બેન્ક છાપે છે અને જે સૌથી ઓછું પ્રવાહી છે.

58 કમ્પ્યૂટરના મગજ તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(A) કી બોર્ડ

(B) સીપીયુ

(C) મોનિટર

(D) હાર્ડ ડીસ્ક

59 દરિયાઈ વીમાનો અને આગના વીમાનો ધંધો કરતી કંપનીએ ચોખ્ખા પ્રીમિયમના અનુક્રમે ______% અને ______% બાકી જોખમ સામેના અનામત તરીકે રાખવા જરૂરી છે.

(A) 50, 50

(B) 50, 100

(C) 100, 50

(D) 100, 100

60 શ્રેણી પૂર્ણ કરો.

2, 12, 36, 80, ______

(A) 100

(B) 144

(C) 125

(D) 150

61 હેરડના વૃદ્ધિ મોડેલમાં G > GW હોય તો ?

(A) મંદી આવે છે

(B) ફુગાવો સર્જાય છે

(C) સ્થિર વિકાસ મળે છે

(D) આવકની અસમાનતા વધે છે



PariksaPath · pariksapath.in
www.marugujarat.in

62 કાપડ ઉદ્યોગ, ચાના બગીચા અને બાંધકામ ઉદ્યોગમાં કર્મચારીઓની ભરતી...

(A) જાહેરાત દ્વારા થાય છે

(B) જોબરો-કોન્ટ્રાક્ટરો દ્વારા થાય છે

(C) રોજગાર કચેરી દ્વારા થાય છે

(D) ગેટ ઉપરથી થાય છે

63 'કીર્તિદેવનો મુંજાલ સાથે મેળાપ' પ્રકરણ લેખકની કઈ નવલકથામાંથી લેવામાં આવ્યું છે ?

(A) ગુજરાતનો નાથ

(B) પૃથિવીવલ્લભ

(C) પાટણની પ્રભુતા

(D) જય સોમનાથ

64 જાહેર કંપની કોઈ ચાલુ પેઢીનો ધંધો ખરીદે ત્યારથી ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર મેળવે તે સમય દરમ્યાનનો નફો ——— ગણાય.

(A) પાઘડી

(B) નિયમિત ધંધાનો મહેસૂલી નફો

(C) સામાન્ય અનામત

(D) મૂડી નફો

65 It seems that you are in some tension. (Change the voice)

(A) It is seemed that some tension is in you.

(B) I can see that you are in some tension.

(C) It should be seemed that you are in some tension.

(D) It is seemed that you are in some tension.

66 બોલીના વિષમતાંકનું મૂલ્ય શેની વચ્ચે મળે છે ?

(A) +2 અને –2

(B) +α અને –α

(C) +1 અને –1

(D) 0 અને α



PariksaPath · pariksapath.in

67 કાયમી ખાતા નંબર ______ વિભાગ દ્વારા ______ ની દેખરેખ નીચે આપવામાં આવે છે.

(A) આવકવેરા, ભારતીય રિઝર્વ બેન્ક

(B) નાણાં, સેબી (Securities Exchange Board of India)

(C) આવકવેરા, સીધા કરવેરાના મધ્યસ્થ મંડળ

(D) આવકવેરા, એક્સિસ બેન્ક

68 તાજેતરમાં ઉત્તરાખંડ અને મણિપુર રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ અનુક્રમે કેટલી કેટલી સીટો માટે યોજવામાં આવી ?

(A) 70 અને 60

(B) 40 અને 70

(C) 60 અને 40

(D) 70 અને 40

69 કંપની પોતાના અસ્તિત્વ દરમ્યાન ઈક્વિટી શેર મૂડીમાં ______ ઘટાડો ______

(A) અનેક રીતે, કરી શકે છે

(B) એક જ રીતે, કરી શકે છે

(C) અનેક રીતે, ન કરી શકે

(D) કદી, ન કરી શકે

70 'હું એમના પગ સુધી બરાબર વરતું છું' - નિપાત જણાવો.

(A) હું

(B) એમના

(C) સુધી

(D) બરાબર

71 બહિર્મુખ વિકાસ નીતિ કોને કહેવાય ?

(A) નિકાસલક્ષી ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવાની નીતિ

(B) આયાતલક્ષી ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવાની નીતિ

(C) દેશની બહાર વિકાસ કરવાની નીતિ

(D) દેશના ઔદ્યોગિક વિકાસની વિદેશમાં જાહેરાત કરવાની નીતિ



PariksaPath · pariksapath.in

72 સરળ વેતન પ્રથા એટલે એવી વેતન પ્રથા કે જેમાં...

(A) ગણતરી સમજી શકાતી હોય.

(B) વધારે વેતન મળતું હોય.

(C) સામાન્ય વેતન મળતું હોય.

(D) સરળતાથી વેતન મળતું હોય.

73 ચોટીલા તાલુકો ગુજરાત રાજ્યના ક્યા જિલ્લામાં આવેલ છે ?

(A) સુરેન્દ્રનગર

(B) તાપી

(C) કચ્છ

(D) ભાવનગર

74 કંપનીના સરવૈયામાં મળવાના બાકી હપતા...

(A) લોન અને ધિરાણના શીર્ષક હેઠળ દર્શાવાય

(B) અનામત અને વધારાના શીર્ષક હેઠળ દર્શાવાય

(C) શેર જપ્તી ખાતામાંથી બાદ થાય

(D) મંગાવેલી શેર મૂડીમાંથી બાદ થાય

75 બર્ડ ફ્લુ તરીકે જાણીતા બીમારીના જંતુઓ અને તેના સામાન્ય વાહકોની સાચી જોડ આપો.

(A) ઇન્ફ્લુએન્ઝા વાયરસ અને ભૂંડ

(B) પોલિયો વાયરસ અને મરઘાં-બતકાં

(C) ઇન્ફ્લુએન્ઝા વાયરસ અને મરઘાં-બતકાં

(D) ઇન્ફ્લુએન્ઝા વાયરસ અને વાનર

76 કંપની પોતાના કર્મચારીઓ / ડિરેક્ટરોને બજાર ભાવ કરતાં ઓછા (વટાવે) ભાવે શેર્સ ઓફર કરે તેને ______ કહેવાય.

(A) સ્વેટ ઇસ્યુ (Sweat Issue)

(B) જાહેર ઇસ્યુ (Public Issue)

(C) ખાનગી ઇસ્યુ (Private Issue)

(D) બોનસ ઇસ્યુ (Bonus Issue)



PariksaPath · pariksapath.in

77 ક્યા અંગ્રેજ આંકડાશાસ્ત્રીએ આનુવંશિકતાના અભ્યાસ દરમ્યાન નિયતસંબંધનો ખ્યાલ રજૂ કર્યો ?

(A) સી. એફ. ગોસ

(B) પ્રો. કાર્લ પિયર્સન

(C) પ્રો. ચાર્લ્સ સ્પિયરમેન

(D) ફ્રાન્સિસ ગાલ્ટન

78 હાઈકુ ક્યા દેશનો કાવ્ય પ્રકાર છે ?

(A) ભારતનો

(B) અમેરિકાનો

(C) જર્મનીનો

(D) જાપાનનો

79 ભારતમાં The Companies Act, _______ અમલમાં છે.

(A) 1956

(B) 2010

(C) 1961

(D) 2016

80 My teacher often says to me, "If you don't work hard, you will fail." (Turn into Indirect speech)

(A) My teacher often says to me that I may fail if I don't work hard.

(B) My teacher often says to me that I can fail if I don't work hard.

(C) My teacher often says to me that if I didn't work hard, I will fail.

(D) My teacher often says to me that I will fail if I don't work hard.

81 ઓડિટર મૂલ્યાંકનકર્તા નથી આ વિધાન _______ ચુકાદામાં નોંધવામાં આવ્યું છે.

(A) કિંગસ્ટન કોટન મિલ

(B) લંડન એન્ડ જનરલ બેન્ક

(C) લેસ વિ. ન્યુટેલ કં. લિ.

(D) લંડન ઓઈલ સ્ટોરેજ કં.



PariksaPath · pariksapath.in

82 રાજકોષીય ખાધ અને વ્યાજની ચુકવણીઓ વચ્ચેનો તફાવત એ...

(A) મહેસૂલી ખાધ છે
(B) અંદાજપત્રીય ખાધ છે
(C) રાજકોષીય ખાધ છે
(D) પ્રાથમિક ખાધ છે

83 ગુજરાત રાજ્યની ખેલકૂદ નીતિ - 2016 અન્વયે આર્મી સ્પોર્ટ્સ ઈન્સ્ટિટ્યુટની જેમ મિશન ઓલિમ્પિકના ભાગ રૂપે શેની સ્થાપના કરવાનું નક્કી કરવામાં આવ્યું છે ?

(A) ગુજરાત હોમગાર્ડ સ્પોર્ટ્સ યુનિટ - સેન્ટર ઓફ એક્સલન્સ
(B) ગુજરાત એસ.આર.પી. સ્પોર્ટ્સ યુનિટ - સેન્ટર ઓફ એક્સલન્સ
(C) ગુજરાત નાગરિક સંરક્ષણ સ્પોર્ટ્સ યુનિટ - સેન્ટર ઓફ એક્સલન્સ
(D) ગુજરાત પોલીસ સ્પોર્ટ્સ યુનિટ - સેન્ટર ઓફ એક્સલન્સ

84 એકાકી વેપારી કે નાના પાયા પર ધંધો કરતો વેપારી, પોતાની જરૂરિયાત મુજબ હિસાબો નોંધે તેને ______ કહેવાય.

(A) એકનોંધી (અધૂરી નોંધ) હિસાબી પદ્ધતિ
(B) દ્વિનોંધી હિસાબી પદ્ધતિ
(C) ત્રિનોંધી હિસાબી પદ્ધતિ
(D) આ પૈકી કોઈ પણ નહીં

85 નીચે આપેલ વાક્યમાં રેખાંકિત શબ્દનો કૃદંતનો પ્રકાર જણાવો.
મેં બધું <u>વાળીને</u> સાફ કર્યું.

(A) ભૂતકૃદંત
(B) ભવિષ્યકૃદંત
(C) સંબંધક ભૂતકૃદંત
(D) વર્તમાનકૃદંત

86 ધંધામાં એક તબક્કે નિર્ણયો લેનાર અને તેનો અસરકારક અમલ કરનાર તાલીમ પામેલા અનુભવી વર્ગની જરૂર પડે છે. આ વર્ગ જે કાર્ય કરે તે એટલે...

(A) સંચાલન
(B) આયોજન
(C) કર્મચારી વ્યવસ્થા
(D) અંકુશ


PariksaPath · pariksapath.in

87 જો કોઈ સુરેખ આયોજનના પ્રશ્નમાં અસમતાઓ $20 \leq x \leq 40$ અને $20 \leq y \leq 40$ હોય તો પ્રાપ્ય ઉકેલ પ્રદેશ ______ આકારનો બને.

(A) ત્રિકોણ

(B) લંબચોરસ

(C) ગોળ

(D) ચોરસ

88 ગુજરાત સરકારે નક્કી કરેલા ધોરણ અનુસાર દરેક ગ્રામ પંચાયતમાં ગૌચર માટે કેટલી જમીન હોવી જોઈએ ?

(A) 100 ઢોર માટે 20 એકર

(B) 100 ઢોર માટે 40 એકર

(C) 40 ઢોર માટે 100 એકર

(D) 80 ઢોર માટે 100 એકર

89 વસ્તુની વેચાણ કિંમત પર 20% નફો = વસ્તુની પડતર કિંમત પર ______% નફો.

(A) 33

(B) 20

(C) 25

(D) 15

90 જો PRABAની સંજ્ઞા 27599 અને THILAKની સંજ્ઞા 368451 હોય, તો BHARATIની સંજ્ઞા કઈ બનશે ?

(A) 9567568

(B) 9675538

(C) 9657538

(D) 9567538

91 નોકરિયાત અને વ્યવસાયી વ્યક્તિઓએ રાજ્ય કે સ્થાનિક સરકારને ભરવાના થતાં વેરાને ______ કહેવાય.

(A) આવકવેરો

(B) વેચાણવેરો

(C) સેવાવેરો

(D) વ્યવસાયવેરો



PariksaPath · pariksapath.in

92 આભાસી ભાડું એ કેવી ઘટના છે ?

(A) ટૂંકાગાળાની
(B) લાંબાગાળાની
(C) મધ્યમગાળાની
(D) કાયમી

93 'રેવાશંકર' શબ્દનો સમાસ ઓળખાવો.

(A) દ્વન્દ્વ
(B) મધ્યમપદલોપી
(C) તત્પુરુષ
(D) કર્મધારય

94 કરારના હિસાબોમાં વર્ષના અંતે કરાર કિંમતના 60% પ્રમાણિત કામ હોય અને પ્રમાણિત કામના 80% રકમ રોકડમાં મળી હોય ત્યારે નફા-નુકસાન ખાતે લઈ જવાનો નફો = .......

(A) કરાર ખાતાનો નફો
(B) કરાર ખાતા મુજબનો નફો × 60% × 80%
(C) મળેલ રોકડ રકમ
(D) પ્રમાણિત કામ

95 Give past tense of : 'seek'

(A) seeked
(B) sook
(C) shake
(D) sought

96 ઉચ્ચ, મધ્ય અને નિમ્ન સપાટી વચ્ચેના સંબંધો કેવા હોય છે ?

(A) પરિવર્તનશીલ હોય છે
(B) રૈખિક પ્રકારના હોય છે
(C) પૂર્વ નિર્ધારિત હોય છે
(D) કાર્યાનુસાર હોય છે



PariksaPath · pariksapath.in

(A) $n\overline{p}+3\sqrt{n\overline{p}(1-p)}$

(B) $p-3\frac{\sqrt{\overline{p}(1-\overline{p})}}{n}$

(C) $n\overline{p}-3\sqrt{n\overline{p}(1-\overline{p})}$

(D) (A), (B), (C) પૈકી એક પણ નહિ

98 વિશ્વમાં પ્રતિવર્ષ 10મી ડિસેમ્બરે ક્યા દિવસ તરીકે ઉજવવામાં આવે છે ?

(A) મહિલા ઉત્કર્ષ દિવસ

(B) માનવ સુરક્ષા દિવસ

(C) માનવ અધિકાર દિવસ

(D) બાલમજૂર વિરોધ દિવસ

99 આડતમાલના વેચાણ પર આડતિયાને બાંયધરી આડત મળતી હોય ત્યારે, ઉધાર વેચાણ પરની ઘાલખાધ ______ ભોગવવાની રહેશે.

(A) માલધણીએ

(B) આડતિયાએ

(C) માલધણી અને આડતિયાએ સરખા પ્રમાણમાં

(D) આ પૈકી કોઈ પણ નહીં

100 "માણભટ્ટ" તરીકે પ્રસિદ્ધિ પામેલા કવિ ક્યા છે ?

(A) દયારામ (B) પ્રેમાનંદ

(C) નરસિંહ મહેતા (D) દલપતરામ



PariksaPath · pariksapath.in

101 વટાવેલી લેણી હૂંડી પાક્યા તારીખે ______ ત્યારે, બેન્ક ખાતે ______ અને દેવાદાર ખાતે ______ થાય.

(A) સ્વીકારાય, જમા, ઉધાર

(B) નકારાય, ઉધાર, જમા

(C) નકારાય, જમા, ઉધાર

(D) સ્વીકારાય, ઉધાર, ઉધાર

102 બરફનો ઉત્પાદક બરફની કિલોગ્રામદીઠ કિંમત રૂ. 5 હતી ત્યારે 620 કિલોગ્રામ બરફ અઠવાડિયે વેચતો હતો. હવે બરફની કિંમત ઘટીને કિલોગ્રામદીઠ રૂ. 2.50 થઈ ત્યારે તેનું અઠવાડિક વેચાણ 480 કિલોગ્રામ થાય છે. પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા કયા પ્રકારની હશે તે ટકાવારી પદ્ધતિથી નક્કી કરો.

(A) એકમ કરતાં ઓછી

(B) એકમ કરતાં વધારે

(C) એકમ બરાબર

(D) શૂન્ય બરાબર

103 ગુજરાતમાં વ્યાયામ પ્રવૃત્તિઓને વેગ આપનાર પ્રણેતા કોણ હતા ?

(A) મોહનલાલ પંડ્યા

(B) મગનભાઈ પટેલ

(C) મોતીભાઈ અમીન

(D) છોટુભાઈ પુરાણી

104 માંગ આધારિત ખરીદી અને માગ આધારિત ઉત્પાદન, ઉત્પાદનમાં જરૂરી સમયે જ જરૂરી માલની પ્રાપ્તિ એટલે...

(A) આર્થિક વરદી જથ્થો

(B) 'જરૂરી સમયે જ (Just in Time)' અભિગમ

(C) લઘુતમ જથ્થો

(D) મહત્તમ જથ્થો

105 રોહીત એક કામ 30 દિવસમાં પૂરું કરે છે. જ્યારે તે જ કામ મોહીત 45 દિવસમાં કરે છે. બંને ભેગા મળી કામ કરે છે. કામ માટે રૂ. 15,000 મળે છે. કરેલ કામ પ્રમાણે રોહીતને મળતી રકમ = ______ રૂપિયા.

(A) 7,500

(B) 10,000

(C) 5,000

(D) 9,000



PariksaPath · pariksapath.in

106 સંચાલન એ કેવા પ્રકારનું વિજ્ઞાન છે ?

(A) કુદરતી (B) કાયદાકીય

(C) નાણાકીય (D) સામાજિક

107 100 ગુણના પેપરમાં 90 ગુણ મેળવવાની સંભાવના ______ છે.

(A) 1/100 (B) 1/101

(C) 90/100 (D) 90/101

108 નીચે આપેલ વાક્યનો સાચો અર્થ દર્શાવતી કહેવત લખો.

'વધુ માણસો મદદમાં હોય ત્યારે કામ સારું અને ઝડપી થાય છે.'

(A) ઉતાવળે આંબા ન પાકે

(B) સંપ ત્યાં જંપ

(C) ઝાઝા હાથ રળિયામણા

(D) કરે તે ચરે; બાંધ્યું ભૂખે મરે

109 મજૂર ફેરબદલી દર ______ માટે કામદારોની પસંદગીની વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવવી જોઈએ.

(A) સ્થિર રાખવા (B) ઘટાડવા

(C) વધારવા (D) આ પૈકી કોઈ પણ નહીં

110 Mohammad Rafi is one of the best singers of India.
(Change the degree)

(A) Mohammad Rafi is better than most other singers of India.

(B) Mohammad Rafi is better then any other singer of India.

(C) No other singer of India is as better as Mohammad Rafi.

(D) Most of the singers were not as good as Mohammad Rafi.



www.mahrugujarat.in
PariksaPath · pariksapath.in

111 એક સમતોલ સિક્કો ત્રણ વખત ઉછાળવામાં આવે તો આ પ્રયોગમાં મળતાં પરિણામોની કુલ સંખ્યા ______ છે.

(A) 3
(B) 9
(C) 8
(D) 1

112 મિલકત પર ______ પદ્ધતિ મુજબ ઘસારો = (મિલકતની પડતર કિંમત – અંદાજી આયુષ્યના અંતે ભંગાર કિંમત) ÷ મિલકતના અંદાજી આયુષ્યનાં વર્ષ.

(A) ઘટતી જતી બાકીની
(B) વર્ષાસન
(C) સીધી લીટીની
(D) આ પૈકી કોઈ પણ નહીં

113 સમતલ અરીસાની મોટવણીનું મૂલ્ય હંમેશા કેટલું હોય છે ?

(A) 1 કરતાં વધુ
(B) 1
(C) 1 કરતાં ઓછું
(D) શૂન્ય

114 ભારતમાં FRBM Act કયા વર્ષથી અમલમાં આવ્યો છે ?

(A) 2000
(B) 2003
(C) 2005
(D) 2010

115 નીચે આપેલ સાચા તળપદા શબ્દનો શિષ્ટ શબ્દ લખો :

મોકળું

(A) મુક્ત
(B) મળેલ
(C) મૂકેલ
(D) મોતી

116 આયોજન માટેના આધારો નક્કી કરવા એટલે...

(A) પાયાનું ચણતર કરવું
(B) નિષ્ણાતો રોકવા
(C) પૂર્વધારણાઓ કરવી
(D) વિભાગીય અધિકારીઓ નિમવા



PariksaPath · pariksapath.in

117 કંપનીના વિસર્જન વખતે સૌથી છેલ્લે નાણાં ______ વચ્ચે વહેંચાશે.

(A) કામદારો

(B) પ્રેફરન્સ શેરહોલ્ડર્સ

(C) ઇક્વિટી શેરહોલ્ડર્સ

(D) પસંદગીના લેણદારો

118 સરખી રીતે ચીપેલાં 52 પત્તાંની થપ્પીમાંથી યાદચ્છિક રીતે એક પાનું ખેંચતા તે પાનું કાળીનું અને એક્કો હોય તેની સંભાવના = ______

(A) $\frac{1}{4}$

(B) $\frac{1}{13}$

(C) $\frac{1}{52}$

(D) $\frac{4}{13}$

119 જો $P(\bar{F}) = 13/27$ તો $P(F)$ = ______

(A) $\frac{14}{13}$

(B) 13/14

(C) 14/27

(D) $27/14$

120 ખંભલાય માતાનું પવિત્ર સ્થાનક કયા જિલ્લામાં આવેલ છે ?

(A) અમદાવાદ

(B) ભાવનગર

(C) સાબરકાંઠા

(D) આણંદ

121 નીચે પૈકી કઈ બાબતો સારા (Working Papers) માં હોવી જોઈએ ?

(A) સંપૂર્ણતા

(B) ગોઠવણી

(C) ચોખવટ

(D) ઉપર મુજબ તમામ



PariksaPath · pariksapath.in

122 વધારાના એક એકમની પડતરને ______ પડતર કહેવાય.

(A) સીમાંત
(B) પ્રમાણ
(C) પ્રક્રિયા
(D) એકમદીઠ

123 સાહિત્યકારો અને તખલ્લુસના જોડકાંમાં કયું જોડકું ખોટું છે ?

(A) ઠોઠ નિશાળિયો - બકુલ ત્રિપાઠી
(B) દર્શક - મનુભાઈ પંચોળી
(C) ધૂમકેતુ - રામનારાયણ પાઠક
(D) પુનિત મહારાજ - બાલકૃષ્ણ ભાઈશંકર ભટ્ટ

124 એક જ માલિકી અને સંચાલન હેઠળ જુદા-જુદા સ્થળોએ ચલાવવામાં આવતી દુકાનોને (ધંધાને) ______ કહેવાય.

(A) આડતમાલ
(B) ફીલરશીપ
(C) શાખા
(D) (A), (B), (C) પૈકી કોઈ પણ નહીં

125 Translate the following sentence in English :

ત્રણ દિવસથી આ દર્દીએ કંઈ જ ખાધું નથી.

(A) This patient has not eaten anything for three days.
(B) This patient did not eaten anything for three days.
(C) This patient had not eaten anything for three days.
(D) This patient do not eat anything for three days.

126 દેશમાં કયા વર્ષ પછી થયેલા કૃષિ વિકાસને 'હરિયાળી ક્રાંતિ' નામ આપવામાં આવ્યું ?

(A) 1960
(B) 1968
(C) 1970
(D) 1972



PariksaPath · pariksapath.in

127 ________માં નાણાકીય ખર્ચાઓ, માંડી વાળેલ અવાસ્તવિક મિલકતો, આવકવેરો ધ્યાનમાં ન લેવાય.

(A) મેળવણી પત્રક

(B) વેપાર અને નફા-નુકસાન ખાતા

(C) પડતર પત્રક

(D) રોકડ પ્રવાહ પત્રક

128 ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા રાજ્યનાં વિકાસ માટે લેવાયેલ ઝડપી નિર્ણયો અંતર્ગત સિરામિક ઉદ્યોગને પ્રોત્સાહન આપવા તથા મોરબીના સિરામિક ઉદ્યોગની વિકાસની રફતાર વધુ તેજ બને તે હેતુસર કેટલા હેક્ટર વિસ્તારમાં નવી વસાહત સ્થાપવાનો નિર્ણય કરવામાં આવ્યો ?

(A) 50 હેક્ટર

(B) 40 હેક્ટર

(C) 25 હેક્ટર

(D) 32 હેક્ટર

129 માહિતી પ્રેષણની મદદથી શું સ્થાપી શકાય છે ?

(A) આયોજન

(B) સંકલન

(C) કેન્દ્રીય વ્યવસ્થા

(D) કર્મચારી ભરતી

130 નીચે આપેલ સાચા શબ્દ સમૂહ માટે એક શબ્દ શોધીને લખો.

રાગ અને આસક્તિનો અભાવ -

(A) રાગ મુક્ત

(B) સાધુ

(C) મુક્ત

(D) વૈરાગ્ય



PariksaPath · pariksapath.in

131 1000 વિદ્યાર્થીઓના I.Q.નો સર્વે

| I.Q. | 30 થી નીચે | 30 – 50 | 50 – 60 | 60 – 70 | 70 થી વધુ |
|---|---|---|---|---|---|
| વિદ્યાર્થીની સંખ્યા | 120 | 230 | 300 | 190 | 160 |

I.Q. 70 થી વધુ હોય તેવી સંભાવના ............

(A) 0.16  (B) 0.26

(C) 0.2  (D) 0.10

132 ______ પદ્ધતિમાં આખર સ્ટોકની કિંમત ચાલુ બજાર ભાવની કિંમતની નજીક હોય છે.

(A) ફિફો  (B) લિફો

(C) ભારિત સરેરાશ  (D) નિશ્ચિત ભાવ

133 નીચેનામાંથી કમ્પ્યૂટરની ખાસિયત કઈ છે ?

(A) ચોક્સાઈ

(B) ઝડપ

(C) વિપુલ પ્રમાણમાં સંગ્રહક્ષમતા

(D) (A), (B), (C) તમામ

134 ______ વેરાના વેરાને સરચાર્જ કહેવાય.

(A) આબકારી  (B) સરચાર્જ

(C) આવકવેરા  (D) મૂલ્ય વર્ધિત વેરા

135 ગુજરાત રાજ્યના નાણાંપ્રધાન શ્રી નીતિનભાઈ પટેલ દ્વારા તાજેતરમાં વિધાનસભામાં રજૂ કરવામાં આવેલ બજેટ 2017-18 અન્વયે રાજ્યમાં અને સમગ્ર દેશમાં ટૂંક સમયમાં ગુડ્ઝ અને સર્વિસ ટેક્સનો નવો કાયદો અમલમાં આવનાર હોવા બાબતને ધ્યાનમાં રાખીને રાજ્યના મૂલ્યવર્ધિત વેરાના કરમાળખામાં કેટલો ફેરફાર સૂચવવામાં આવેલ છે ?

(A) 1.75%

(B) 2.25%

(C) 1.50%

(D) કોઈ ફેરફાર સૂચવવામાં આવેલ નથી



PariksaPath · pariksapath.in

136 ભારતમાં સ્પીડ પોસ્ટ સેવા કયા વર્ષથી શરૂ કરવામાં આવી ?

(A) ઈ.સ. 1963થી

(B) ઈ.સ. 1970થી

(C) ઈ.સ. 1986થી

(D) ઈ.સ. 1992થી

137 મૂડી બજેટમાં આપેલા વ્યાજના દરે ભવિષ્યમાં મળનારા ચોખ્ખા રોકડ પ્રવાહનું વર્તમાન મૂલ્ય યોજનાના મૂલ્ય કરતાં વધુ હોય ત્યારે, ખરેખર વળતરનો દર આપેલા વ્યાજના દર _______ છે.

(A) જેટલો જ

(B) કરતાં ઊંચો

(C) કરતાં નીચો

(D) શૂન્ય

138 નીચે આપેલ વિકલ્પોમાંથી સાચી જોડણી શોધીને લખો.

(A) સહાનુભુતી

(B) સહાનુભૂતી

(C) સહાનુભુતિ

(D) સહાનુભૂતિ

139 બોનસના પ્રમાણનો આધાર શેના પર છે ?

(A) નફો

(B) ઉત્પાદન

(C) વેચાણ

(D) કર્મચારીઓની સંખ્યા

140 Change the voice of :

"What are you doing ?"

(A) What is done by you ?

(B) What was done by you ?

(C) What are done by you ?

(D) What is being done by you ?



PariksaPath · pariksapath.in

141 કંપની માટે રોકડ પ્રવાહ પત્રક હિસાબી ધોરણ _______ મુજબ તૈયાર કરવું ફરજિયાત છે.

(A) 2
(B) 14
(C) 3
(D) 6

142 ચાલુ ધંધાની ખરીદી વખતે 'ચોખ્ખી મિલકતો કરતાં અવેજ' વધારે આપવામાં આવતો હોય, તો વધારાના અવેજને _______ કહેવાય.

(A) મહેસૂલી નફો
(B) મૂડી નફો
(C) પાઘડી
(D) અવાસ્તવિક મિલકત

143 કામમાં A એ B કરતાં બમણો ઝડપી છે. બંને ભેગા મળીને કામ 24 દિવસમાં પૂરું કરે છે, તો A એકલાને કામ પૂરું કરતા કેટલા દિવસ લાગે ?

(A) 30
(B) 32
(C) 36
(D) 72

144 કોઈ એક આવૃત્તિ વિતરણ માટે C = 4, L = 20, $F_1$ = 15, $F_0$ = 7 અને $F_2$ = 1 છે. આ વર્ગીકૃત માહિતીનો બહુલક _______ છે.

(A) 21.45
(B) 20
(C) 22.45
(D) 21

145 'કાશ્મીરનો પ્રવાસ' ગ્રંથના લેખક કોણ ?

(A) કાન્ત
(B) કલાપી
(C) ન્હાનાલાલ
(D) સુંદરમ્



PariksaPath · pariksapath.in

146 ઓડિટરનું મહેનતાણું કોણ નક્કી કરે છે ?

(A) ટેબલ

(B) સંચાલકો

(C) આવેદન પત્ર (Article of Association)

(D) નિમણૂક કરનાર સત્તા

147 વીમા કંપની માટે સ્વીકારેલ પુનઃ વીમાનું કમિશન ______, દાવાની રકમ ______ અને પ્રીમિયમ ______ ગણાય.

(A) આવક, આવક, ખર્ચ

(B) ખર્ચ, ખર્ચ, આવક

(C) ખર્ચ, આવક, મિલકત

(D) ખર્ચ, મિલકત, આવક

148 ગુજરાત રાજ્યના બોટાદ જિલ્લાને નીચે દર્શાવેલ જિલ્લાઓ પૈકી કયા જિલ્લાની હદ સ્પર્શતી નથી ?

(A) અમરેલી
(B) મોરબી
(C) ભાવનગર
(D) રાજકોટ

149 વેપાર શરતોનો પારસ્પરિક માંગનો સિદ્ધાંત કયા અર્થશાસ્ત્રીએ વિકસાવ્યો છે ?

(A) માર્શલ
(B) ડેવિડ રિકાર્ડો
(C) માલ્થસ
(D) પ્રો. મિલ

150 ગુજરાત રાજ્યમાં આપત્તિ વ્યવસ્થાપન માટેની મધ્યસ્થ સંસ્થા કઈ છે ?

(A) ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

(B) ગુજરાત રાજ્ય શહેરી વિકાસ સત્તામંડળ

(C) ગુજરાત રાજ્ય ઔદ્યોગિક વિકાસ સત્તામંડળ

(D) ગુજરાત મેરીટાઈમ બોર્ડ



PariksaPath · pariksapath.in